# બાજખેડાવાળ પત્રિકા

## बाजखेडावाल पत्रिका   Bajkhedawal Patrika

વર્ષ : ૧૧  
અંક : ૦૯

૨૦૧૭ : સપ્ટેમ્બર  
આજીવન : રૂ. ૬૦૦/–



**: તંત્રી :**

***શ્રી અશ્વીનભાઈ સી. દવે***

ખેડાવાળ મહોલ્લો, વસો. (મો.) ૯૯૯૮૦૦૫૨૯૯



**: પ્રકાશક :**

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા**

**શ્રી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન**

૧–૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ.), અમદાવાદ–૮.  
ટેલીફોન નંબર : ૨૨૭૨૦૩૯૩,  
કાર્યાલયનો સમય સવારે : ૧૦.૩૦ થી ૫.૩૦



**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા**
**શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી.**

આપના ઘરમાં હંમેશાં ધનની વર્ષા રહે, લક્ષ્મી માતાનો વાસ રહે, સંકટનો નાશ થાય અને શાંતિનો વાસ રહે. દીપાવલી તથા આવનારૂ નવું વર્ષ આપને તથા આપના પરિવારને સુખમય, સમૃદ્ધિમય, આરોગ્યમય, યશસ્વી નિવડે તેજ પ્રભુ પાસે પ્રાર્થના સહ

# શુભ દિપાવલી !!
# નૂતન વર્ષાભિનંદન !!

**શ્રી અશ્વિનભાઈ સી. દવે (તંત્રીશ્રી)**
**તથા તંત્રીમંડળના સભ્યો, બાજખેડાવાળ પત્રિકા**

✦✦✦✦✦

**શ્રી અજીતભાઈ બી. દવે (પ્રમુખશ્રી)　　શ્રી અરૂણભાઈ બી. શેલત (મંત્રીશ્રી)**
**તથા ટ્રસ્ટીઓ, હોદ્દેદારો અને કારોબારી સભ્યો**
**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા**

✦✦✦✦✦

**શ્રી મહેન્દ્ર પી. દવે (પ્રમુખશ્રી)　　શ્રી અજીતભાઈ બી. દવે (મંત્રીશ્રી)**
**કારોબારી સભ્યો - શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી.**

# તંત્રી લેખ...

***સુજ્ઞ જ્ઞાતિજનો***

*ભારતીય સંસ્કૃતિમાં વ્રત-દાન-ઉપવાસ અને પૂણ્યનો અપાર મહિમા છે. મન વાંછિતફળ પ્રાપ્ત કાજે વ્રત-ઉપવાસ - દાન - પૂણ્ય કરાય છે. પોતાની પાસેથી જરૂરીયાતમંદ વ્યક્તિને કાંઈક આપવું - આપીને પૂણ્ય પ્રાપ્ત કરવું. દાન અને પૂણ્યકર્મ વ્યક્તિના કર્મોના જમા પાસાં છે. તેનુ વળતર આ જન્મમાં અગર આવનારા અન્ય જન્મમાં પણ પ્રાપ્ત થાય તેવુ ઈચ્છાય છે.*

*વ્રત કરનાર મનુષ્ય જે તે વ્રત મુજબના ખાન-પાન-રહન-સહન નીતી - નિયમોનું પાલન કરે છે અને ચોક્કસ પણે તેને અપનાવે છે. ચુસ્ત પણે વળગી પણ રહે છે. ભગવાન-પ્રભુમાં શ્રદ્ધા ધરાવે છે. ચોક્કસ પ્રકારની પૂજા- નિયમને વળગી ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધાનું સેવન કરે છે. શ્રદ્ધાએ વ્રતની પૂર્વ શરત છે. જે પૌરાણિક કાળથી આપણાં શાસ્ત્રોમાં કથાસ્વરૂપે સાંભળતા આવ્યા છીએ.*

*દિન-પ્રતિદિન બગડતી જતી દુનિયાની પરિસ્થિતિએ કળિયુગની વધતી જતી કાલિમાની ધોતક (ઓળખ) છે. સામાન્ય વ્રત અને દાન-પૂણ્યથી એકાદ જન્મની પ્રાપ્તિઓ થઈ શકે છે. પણ પરમાત્મા નિકટ ભવિષ્યમાં આવનાર સતયુગી પાવન દુનિયા માટે આપણને આ અંતિમ જન્મમા પવિત્રતાનું વ્રત અપનાવવા માટેનો રસ્તો બતાવે છે. જ્યારે અનેક જન્મો સુધી સુખી અને સમૃદ્ધ જીવનના સ્વામી બનવા માટે સ્વના વિકારો-બુરાઈઓનું દાન કરવાનું આવાહન છે.*

*વ્યક્તિના જીવનમાં જીવને ગ્રહણથી છૂટવાનો પણ આ ઉપાય છે. આ એક જન્મના પુરૂષાર્થ થકી અનેક જન્મોનું ઉજ્જવળ નસીબ આપણે પામી શકીએ.*

*કવિવર રવિન્દ્રનાથ ઠાકુરની કાવ્યપંક્તિ યાદ કરાવે છે* "पाये छि तव आशिष एई सुंदर पृथ्वीर गेहे, आमर जन्म सकला ।" *આ સુંદર પૃથ્વી ઉપર આવીને હે પ્રાણેશ આપના આશીર્વાદ પામ્યો છું.*

*સર્જનહારના સર્જનને મૂક બની હેરતભર આંખે બે ઘડી એકાંતમાં નિહાળી લેવાનો શોખ રાખીએ, પ્રકૃતિ પાસે પણ ભરપૂર ખુશી, આનંદ અને ઉલ્લાસના ખજાના છે. પ્રકૃતિ સાથે સમય વીતાવી જીવો, તારાભરી રાત્રે નદીના તટપર એકાંતમાં જાતને વિસારી જવાનો આનંદ માણી જુઓ, ખિસકોલીની સટરપટર આવન-જાવન, પક્ષીઓના બચ્ચાંને માળામાં તેમની માતાની રાહ જોતાં નિહાળો, ઘરના આંગણે પક્ષીઓ અન્ય પ્રાણીઓ સાથે હાથમાં ખાવાનું રાખી તેમનાં સંગમાં હળવાશ માણી જીવો. થોડો સમય પોતાના વ્યક્તિત્વને વિસારીને પ્રકૃતિના સંગે રંગમાં રંગાવવાની પળ માણી જુઓ.*

*સચીન તેંડુલકર ક્રિકેટ સાથે એકરસ તન્મય બની યોગ સાધ્યો તો કેટલી ઊંચી સિદ્ધિ પ્રાપ્ત કરી "ભારત રત્ન"ના સર્વશ્રેષ્ઠ એવોર્ડથી સન્માન મેળવ્યું. લતા મંગેશકર સંગીતની સાધના કરી જન-જનના હૃદયમાં મૂર્તિ બની યોગ એટલે હૃદયથી જોડાવું. ચિત્રકાર-શિલ્પકાર-નૃત્યકાર-સંગીતકાર બધા યોગ બળે જ સિદ્ધિ પ્રાપ્ત કરે છે.*

*અસ્તુ - ૐ શાંતિ..શાંતિ...શાંતિ...ૐ શાંતિ*

***- અશ્વીનભાઈ ચતુરભાઈ દવે - તંત્રી***

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના વિશિષ્ટ સહાય ફંડના દાતાશ્રીઓ

| | | | |
|---|---|---|---|
| ૧. | સ્વ. જેશંકર બાપુજી ભટ્ટ તથા<br>સ્વ. શિવગંગાબેન જેશંકર ભટ્ટની સ્મૃતિમાં<br>હસ્તે વીઠ્ઠલરાય જે. ભટ્ટ | અમદાવાદ | રૂ. ૨,૦૦,૦૦૦/- |
| ૨. | સ્વ. અ.સૌ. મનહરબાળાબેન વીઠ્ઠલરાય ભટ્ટની<br>સ્મૃતિમાં હસ્તે વીઠ્ઠલરાય જે. ભટ્ટ | અમદાવાદ | રૂ. ૧,૦૦,૦૦૦/- |
| ૩. | સ્વ. શ્રી રતિલાલ ચુનીલાલ તથા<br>સ્વ. શારદાબેન રતિલાલ ભટ્ટની સ્મૃતિમાં<br>હસ્તે. શ્રી મયુરકુમાર રવિન્દ્ર ભટ્ટ | અમદાવાદ | રૂ. ૩૧૦૨/- |
| ૪. | સ્વ. શ્રી ભાનુપ્રસાદ ધીરજલાલ ઠાકરની સ્મૃતિમાં<br>હસ્તે શ્રી સુધાબેન પ્રફુલભાઈ દેસાઈ | અમદાવાદ | રૂ. ૧૫૫૧/- |
| ૫. | સ્વ. શ્રી ઠાકોરલલ ત્રંબકલાલ ભટ્‌ની સ્મૃતિમાં<br>હસ્તેશ્રી મનોજ ઠાકોરલાલ ભટ્ટ | અમદાવાદ | રૂ. ૧૫૫૧/- |
| ૬. | શ્રી શરદકુમાર દેવપ્રસાદ દવે<br>હસ્તે શ્રી પ્રણવભાઈ દવે | અમદાવાદ | રૂ. ૪૫૦૦/- |
| ૭. | શ્રી જ્યોતિબેન શરદકુમાર દવે<br>હસ્તે શ્રી પ્રણવભાઈ દવે | અમદાવાદ | રૂ. ૪૫૦૦/- |
| ૮. | સુમિત્રાબહેન રમેશચંદ્ર શાસ્ત્રી - દવે | અમદાવાદ | રૂ. ૫૧૨૧/- |
| ૯. | સુધાબેન ઠાકોરલાલ જોષી | અમદાવાદ | રૂ. ૫૧૨૧/- |
| ૧૦. | શૈલેષભાઈ એન. જોષી | અમદાવાદ | રૂ. ૧૫૫૧/- |

## શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લિ. વિદ્યોતેજક ફંડના દાતાશ્રીઓ

| | | | |
|---|---|---|---|
| ૧. | સ્વ. શ્રી રતિલાલ ચુનીલાલ તથા<br>સ્વ. શારદાબેન રતિલાલ ભટ્ટની સ્મૃતિમાં<br>હસ્તે. શ્રી જયેન્દ્રભાઈ રતિલાલ ભટ્ટ | અમદાવાદ | રૂ. ૧૧૧૧૧/- |

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા

## પ્રમુખ સ્થાનેથી...

ધર્મના ચાર ચરણ છે, સત્ય, તપ, દયા અને દાન.

સત્ય અને તપ બીજા કરે, દયા અને દાન આપણા પર હોય તેવું.

સેવામાં, સ્નેહમાં અને સન્માનમાં સાવધાન રહેવું બહુ જરૂરી છે. સેવામાં સાવધાની રાખવાનો અર્થ એ છે કે આપણે જેમની સેવા કરીએ તેમની રૂચિ જોઈને કરીએ. વિવેકપૂર્ણ સેવા કરવી એ સાવધાનીનું બીજું લક્ષણ છે. સેવા એટલે સ્પર્ધામુક્ત સેવા. સેવાને શ્રદ્ધાથી કરવી અને કોઈનું સન્માન કરવું હોય ત્યારે પણ સાવધાન થઈને કરવું જોઈએ. પોતાના સમાજની સેવા કરવામાં પાછા ન પડવું જોઈએ. પોતાના સમાજના દુ:ખી વ્યક્તિને આર્થિક સહાય ભલે ન આવી શકીએ પરંતુ સહાનુભૂતિના બે શબ્દો મળે તો પણ સહન કરવાની વ્યક્તિગત હિંમત બંધાય છે.

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાનું ૩૦મું રાષ્ટ્રીય અધિવેશન મા ક્ષીરજામ્બાના માતાજીના સાનિધ્યમાં તા. ૨૪-૧૨-૧૭ના રવિવારે માતાજીની શક્તિના સંકેત અનુગ્રહ હેઠળ યોજાશે ઉપરોક્તત ૩૦માં મંગલમય અધિવેશનમાં ઉપસ્થિત થઈ ઉત્સવને વેગ આપવા આપ સૌ જ્ઞાતિ ગંગાને પધારવાનું આમંત્રણ છે. આપ સર્વેની સહકાર, શુભેચ્છા સાથે જ્ઞાતિ ઉન્નતિ, સંગઠીત ભાવને મજબુત કરવા બે પ્રકારના ઉદ્દેશો સિદ્ધ કરે છે. જે આપણા પારલૌકિક સંબંધો સાથે ફરજોની સાથે સાથે એક સામાજિક મેળાવડાની ગરજ સારી આપણા પારસ્પરિક સંબંધોનના તાણાવાણાને દઢિભૂત કરી વાતાવરણને ચેતનવંતુ અને ઉષ્માભર્યું કરી મૂકે છે.

આપ સર્વે જ્ઞાતિજનોને આવનારા દિપાવલી પર્વ તથા નવા વર્ષની નુતન વર્ષાભિનંદન સાથે નવું વર્ષ આપણા સર્વે જ્ઞાતિજનોનો સ્વાસ્થ્ય સારૂં રહે, સર્વેનું મંગલ થાય, સર્વેની મનોકામના પરિપૂર્ણ થાય.

જ્ઞાતિજનોના સાથ, સહકાર, પ્રેરણા તેમજ પીઠબળથી સર્વેનું કલ્યાણ થાય તેવી દેવાધી દેવ મહાદેવજીના ચરણોમાં પ્રાર્થના.

| | | |
|---|---|---|
| **અજીતભાઈ દવે** | **અરૂણભાઈ શેલત** | **નિરવ દવે** |
| **પ્રમુખશ્રી** | **મંત્રીશ્રી** | **અધ્યક્ષશ્રી** |

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૨,૦૦,૦૦૦/-ના દાતા



**સ્વ. જેશંકર બાપુજી ભટ્ટ**
*અ.તા. ૩૦-૦૫-૧૯૫૩*



**સ્વ. શીવગંગાબેન જેશંકર ભટ્ટ**
*અ.તા. ૧૮-૦૩-૧૯૮૩*

*સ્વ. જેશંકર બાપુજી ભટ્ટ તથા સ્વ. શીવગંગાબેન જેશંકર ભટ્ટ, મૂળ ઉમરેઠમાં પાટડી ચકલાના સહેવાસી. તેઓની આયુષ્ય વયમર્યાદા ૭૮ વર્ષ અને શીવગંગાબેનની આયુષ્ય વયમર્યાદા ૮૮ વર્ષની હતી.*

*મારા શિક્ષણ અને વૃદ્ધિ વિકાસની કાળજી માટે નાણાંના અભાવ સાથે માતા તથા પિતાશ્રીએ ખૂબજ સંઘર્ષમય જીવન પસાર કર્યું. ૧૯ વર્ષની નાની ઉંમરે જ પિતાશ્રીની છત્રછાયા ગુમાવી. તેઓના આશીર્વાદથી જ હું મારા જીવનમાં પ્રગતિ કરી શક્યો. સંઘર્ષ પછીના સુખના આ દિવસો જોવા પિતાજી હાજર ન હતા તેનું ઘણું દુ:ખ છે. પિતાશ્રીના અવસાન બાદ ૩૦ વર્ષ સુધી પૂ. માતૃશ્રીને મારી સાથે રાખીને તેમની સેવા-ચાકરીમાં "માતૃ-પિતૃ દેવો ભવ:"ની શાસ્ત્રોક્ત ઉક્તિ સાર્થક કરી શક્યા તે અમારું અહો ભાગ્ય.*

*જ્ઞાતિ સમાજના હિતાર્થે, યોગદાન થકી, સ્વર્ગસ્થ માતા-પિતાના સ્મરણાર્થે શ્રદ્ધાંજલિ.*

– **વીઠ્ઠલરાય જે. ભટ્ટ** (I.R.S.)
*(નિવૃત્ત એડીશનલ કમીશ્નર, ઈન્કમટેક્ષ)*
*સ્વ. અ.સૌ. મનહરબાળા (મનુબેન) વી. ભટ્ટ*

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૧,૦૦,૦૦૦/-ના દાતા



**સ્વ. અ.સૌ. મનહરબાળા (મનુબેન) વીઠ્ઠલરાય ભટ્ટ**

જ.તા. ૦૧-૧૨-૧૯૩૫ અ.તા. ૧૩-૧૦-૨૦૧૬

મૂળ ઉમરેઠના વતની અને આફ્રિકાને કર્મભૂમિ બનાવનાર સ્વ. શ્રી હિરાલાલ હરીપ્રસાદ શેલત તથા સ્વ. અ.સૌ. જયાગૌરી હિરાલાલ શેલતના પરિવારના સુપુત્રી મનહરબાળા (મનુબેન)નો સને ૧૯૩૫માં જન્મ થયો હતો.

તા. ૧૪-૫-૧૯૫૪ના રોજ અમે લગ્નગ્રંથિથી જોડાયા.

તેઓએ S.S.C.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા બાદ શિક્ષક તરીકેની કારકીર્દી માટેના વ્યવસ્યાલક્ષી શૈક્ષણિક PTCનો અભ્યાસ પણ સફળતાપૂર્વક કર્યો હતો. તેઓએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, સ્કુલબોર્ડ સંચાલિત શાળામાં સને ૧૯૬૦ થી ૧૯૯૩ દરમ્યાન શિક્ષિકા તરીકેની નોકરી સાથે ગૃહિણી અને માતૃત્વની અજોડ જવાબદારી નિભાવી હતી. સાથે સાથે મારા માતૃશ્રીને સાથે જ રાખી તેમની ઉત્તમ સેવાચાકરી કરી હતી. સંતાનોમાં ચાર દિકરીઓને ઉચ્ચ શિક્ષણ સાથે સ્વનિર્ભર જીવન અને સંસ્કારલક્ષી આચરણના સિંચનનું પ્રદાન કરીને માતૃત્વને ઉજ્જવળ બનાવ્યું.

સૌથી મોટી પુત્રી સ્મિતા M.Com. નો અભ્યાસ કરી બેન્ક ઓફ બરોડામાં બ્રાન્ચ મેનેજર તરીકે નિવૃત્ત થઈ સુરતમાં સ્થાયી થયેલ છે. બીજી દિકરી નીતા B.SC. નો અભ્યાસ કરી USA માં સ્થાયી થયેલ છે. ત્રીજી દિકરી ટીના B.Com., LLB નો અભ્યાસ કરી હાલ USA માં સ્થાયી થયેલ છે. તેમજ સૌથી નાની પુત્રી પીન્કી B.Sc. નો અભ્યાસ કરી USA માં સ્થાયી થયેલ છે.

સ્વ. મનહરબાળા (મનુબેન)નું 'સફળ શિક્ષિકા અને સફળ માતા' તરીકે અનુકરણિય પ્રદાન એટલે "શિક્ષિત દીકરીઓ દ્વારા ઉજ્જવળ સમાજ"

૬૨ વર્ષ ૫ માસના સુખદ સહજીવનના સંભારણા મુકી તેઓ તા. ૧૩-૧૦-૨૦૧૬ના રોજ અક્ષર નિવાસી થયેલ છે.

મનુસ્મૃતિમાંની આચારસંહિતા મુજબ તેઓની ઉચ્ચભાવના અને પ્રબળ ઇચ્છાશક્તિને સાકાર કરવા માટે "જ્ઞાતિ પરિવારજનો"નાં હિતાર્થે સેવાકાર્યમાં નિમિત્તે બનવાનું અમો પરિવારજનોને સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું તે માટે પરમકૃપાળુ પરમાત્માનો આભાર.

**વીઠ્ઠલરાય જે. ભટ્ટ** (I.R.S.)

**(નિવૃત્ત એડીશનલ કમીશ્નર, ઈન્કમટેક્ષ)**

| | |
|---|---|
| **સ્મિતા કાર્તિકભાઈ શુકલ** | **નીતા જનકભાઈ પંડ્યા** |
| **ક્રિષ્ના - પાર્થ (ગુડ્ડુ)** | **અનેરી** |
| **ટીના વિક્રમભાઈ પંડ્યા** | **પીન્કી શ્રીનાથ દેસાઈ** |
| **અનુષ્કા** | **શ્રેયા - શ્લોક** |

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૧૫૫૧/-ના દાતા



### સ્વ. શ્રી ભાનુપ્રસાદ ધીરજલાલ ઠાકર

જન્મ તા. : ૧૬-૦૧-૧૯૧૭ સ્વર્ગવાસ તા. : ૧૬-૧૦-૧૯૯૯

શ્રી ભાનુપ્રસાદનો જન્મ એક તદ્દન સામાન્ય કુટુંબમાં થયો હતો. મેટ્રીક પરીક્ષા ઉત્તિર્ણ થઈને તેમણે પ્રથમ કસ્ટમ વિભાગમાં અને ત્યારબાદ પશ્ચિમ રેલ્વેની નોકરીમાં જોડાયા હતા. બંને ઠેકાણે તેમણે ખૂબ ખંત, મહેનત અને પ્રમાણિકતાથી ફરજ બજાવી હતી. જેથી તેઓશ્રી ઉપરી અધિકારીઓમાં ખૂબ જ પ્રિય હતા. જ્યારે તેમની બદલી થતી ત્યારે આ ઉપરી અધિકારીઓને બદલી બંધ રખાવતા હતા. રેલ્વેમાં તેમણે બેજ મથકોમાં પહેલાં વડોદરા અને પછી સાબરમતી બ્રોડગેજ, અમદાવાદમાં જ ફરજ બજાવી હતી અને સાબરમતીથી નિવૃત્ત થયા હતા.

તેમનું લગ્ન આણંદના અંબિકા ભુવન, સ્ટેશન રોડના શ્રી હરિલાલ દવેની પુત્રી રમા સાથે થયું હતું.

શ્રી ભાનુપ્રસાદનું સમગ્ર જીવનમાં દુ:ખોના એક પછી એક પહાડનો પ્રહાર ચાલુ રહ્યો હતો. પરંતુ તેઓશ્રી હસતા મુખે દુ:ખોને સહન કરતા અને કહેતા કે ગયા જન્મમાં પારાવાર પાપો કર્યો હશે જેથી આ જન્મમાં ફળ ભોગવી રહ્યો છું. બાળપણમાં જ માતા-પિતાની છત્રછાયા ગુમાવી દીધી હતી. તેમની માલ-મિલક્ત સગેવગે થઈ ગઈ હતી. જેથી તેમના ખૂબ દૂરના સંબંધી ઉમરેઠના શ્રી ભીમભાઈ દવેએ તેમને પોતાની પાસે રાખી પુત્રની જેમ ઉછેર્યા, ભણાવ્યા અને પરણાવ્યા.

સંતાનમાં તેમને પ્રથમ એક પુત્રી જે બાળપણમાં જ ગંભીર બીમારીમાં સ્વર્ગસ્થ થઈ ગઈ. ત્યાર પછી વારાફરતી સાત પુત્રીઓ જયા, સુધા, ગીતા, જ્યોતિ, ભાવના, લતા અને પલ્લવી અને પછી પુત્ર કલ્પેશ જે યુવાવસ્થામાં જ માત્ર ૨૯ વર્ષની વયે ગંભીર બીમારીમાં સ્વર્ગસ્થ થઈ ગયો.

નોકરી દરમ્યાન સાબરમતી યાર્ડમાં ક્રેનમાંથી એક મોટું લાકડું તેમની પીઠ પર પડતાં ગંભીર ઈજાઓ થઈ અને પથારીવશ થઈ ગયા. પરંતુ દૃઢ મનોબળ અને ઈશ્વરકૃપાથી સ્વસ્થ થઈને નોકરીમાં પરત ફર્યા.

સાત પુત્રીઓમાંથી છ પુત્રીઓનું લગ્ન કર્યા. પરંતુ બે પુત્રીઓના ટૂંકમાં જ લગ્નવિચ્છેદ થઈ ગયા. એક પુત્રી જ્યોતિ લગ્ન પછી એકતાને જન્મ આપી સ્વર્ગસ્થ થઈ. એકતા ને પિતાએ ન સ્વીકારતાં તેમણે પોતાને ઘરે રાખીને ઉછેરી.

તેઓશ્રી જ્યારે નિવૃત્ત થયા ત્યારે તેમને નોકરીમાં રાખવા સાબરમતીના મારફતીઆઓમાં પડાપડી થઈ. નિવૃત્તિ પછી તેઓશ્રી આણંદ પોતાના મકાનમાં સ્થાયી થયા અને ત્યાંથી જ રોજ સાબરમતી સ્ટેશન અપડાઉન કરી મારફતીયાની પેઢીમાં લગભગ પંદર વર્ષ સેવા આપી. નાદુરસ્ત તબીયતના કારણે નોકરી છોડી નિવૃત જીવન જીવ્યા અને ટૂંકી માંદગીમાં તા. ૧૬-૧૦-૧૯૯૯ના રોજ સ્વર્ગવાસ થયા. તેમની સ્મશાનયાત્રામાં બધી જ પુત્રીઓએ હાજરી આપી જે આણંદમાં કદાચ પ્રથમ બનાવ હતો.

**સંકલન - સુધા પ્રફુલ દેસાઈ (પુત્રી)**

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૩૧૦૨/-ના દાતા

॥ ૐ શ્રી રંગાવધૂતાય નમઃ ॥ ॥ ૐ શ્રી દત્ત ॥

### "માતૃપિતૃ વંદના"



**સ્વ. રતીલાલ ચુનીલાલ ભટ્ટ**

જન્મ તારીખ : ૦૩-૦૭-૧૯૨૨

મ.તા. ૩૦-૦૯-૧૯૯૭



**સ્વ. શારદાબેન રતીલાલ ભટ્ટ**

જન્મ તારીખ : ૧૮-૦૪-૧૯૩૦

મ.તા. ૨૬-૧૦-૨૦૦૧

અનેક દૈવી પુરુષોથી પાવન થયેલ ઉમરાવતી નગરી મધ્યે બ્રહ્મકુળમાં ધાર્મિક કર્મકાંડી આત્મનિષ્ઠ ભટ્ટ ચુનીલાલ દેવશંકર પિતા અને મુળીબેન માતૃશ્રીના કુખે જન્મ ધારણ કરી વૈદિક સંસ્કારને સંધ્યા વંદનને તપોમય જીવનનો પ્રારંભ કર્યો.

કુટુંબ વાત્સલ્યનો ધરોહર સમા પૂ.નાનીમા, રૂક્ષ્મણીબેન શેલત, માસા મુ મણીલાલ, માસી જશોદાબા તેમજ પિતરાઈ બંધુ ઠાકોરભાઈ ભટ્ટનો પ્રેમ, આશીર્વાદને કૃપા પાત્ર બન્યા.

બાળપણમાં છ માસની વયે પિતૃછાયા ગુમાવી. માતૃશ્રી મુળીબાએ અનેક યાતના અને કષ્ટો વેઠી સંસ્કાર, શિક્ષણ અને આત્મવિશ્વાસ જગાવી જીવનનું ઘડતર કર્યું.

"સાક્ષાત્ ચિત્ શક્તિરૂપા મા ને નમું નમું"

માતૃશ્રીને નાનીમા સાથે આર્થિક ઉપાજન્ય માટે પડિયા-પતરાળાં બનાવી સતત પરિશ્રમ કરી સ્વયમ્ જીવન સંદેશના પિયુપાન કરાવ્યું.

કિશોરવય જ્યુબિલી હાઈસ્કૂલમાં વિદ્યાભ્યાસ કરીને, માતાને પૂ.નાનીમાનો આર્થિક ભાર હળવો કરવા શ્રી ઠાકોરભાઈના સહયોગે ત્રણ વર્ષ અમદાવાદમાં સેવા કાર્યમાં જોડાયા.

રોજી-રોટીનું નિર્માણ વિધાતાએ નક્કી કરલે હોય છે. તેથી બા, માસા, માસીના આદેશ અને આશીર્વાદે, દાહોદ મુકામે રેલ્વે હોસ્પીટલમાં સેવા કાર્યમાં જોડાયા.

શ્રી શંકરલાલ ગોવિંદરાય ભટ્ટની સુશીલ કન્યા શારદાબેન સાથે લગ્નગ્રંથીથી જોડાઈને દાંપત્યજીવનમાં પ્રારંભ કર્યો. તેની ફલશ્રુતિ સ્વરૂપ ચાર સુપુત્રો, શ્રી જયેન્દ્રકુમાર, શ્રી રવિન્દ્રકુમાર, શ્રી નરેન્દ્રકુમાર અને શ્રી અશ્વિનકુમાર સાથે પુત્રી રત્ના, ઈન્દીરાબેન, જ્યોતીકાબેન સામી લીલીવાડીના મોભી બન્યા.

ત્યાગ વાત્સલ્યને સ્નેહ સાથે બધાંને સંસ્કાર અને એકત્વની ભાવનાના અમીરસનું પાન કરાવી તેઓ લગ્નજીવનમાં વ્યવસાયીમાં સેવાર્થે જીવન જીવવાનો માર્ગ કરી આપ્યો.

વટવૃક્ષ સમા પિતાશ્રી વર્ષમાં બે ત્રણ વાર સમગ્ર કુટુંબને સંબંધિતોને એકત્રિત કરીને આદર્શ જીવનના પાઠ શિખવતા.

ભૂખ્યાને અન્ન, તરસ્યોને જળ, સેવાર્થીને સેવાને દુ:ખીયાને આશ્વાસન, તેઓ કદી ધન આપતા નહીં.

તા. ૩૧-૦૭-૧૯૮૦માં નિવૃત્ત થઈ દાહોદ, ઉમરેઠ અને અમદાવાદમાં કુટુંબીજનો સાથે રહી ભક્તિપરાયણ જીવન જીવતા. તા. ૩૦-૦૯-૧૯૯૭માં નશ્વર દેહનો ત્યાગ કરી પરમાત્મામાં આત્માને લીન કર્યો. તેમની પાછળ માતૃશ્રીને એમના આદર્શને અનુસરીને તેમનું અધૂરૂં કાર્ય પૂરા કરી. લીલીવાડી મૂકીને તા. ૨૬-૧૦-૨૦૦૧માં દશેરા શુભ દિને પતિનું સામુજ્ય સ્વીકારી અમર થઈ ગયા.

સંસાર સરિતામાં અનેક ચઢાવ ઉતાર સાથે આર્થિક સંકડામણ છતાં વ્યવહારિક દક્ષતા, પ્રભુ પ્રત્યે અગાધ શ્રદ્ધા, સાત્વિક, પરગજુ સ્વભાવ અને જીવનના મૂલ્યોના આદર્શોના પાઠ શિખવી જીવન જીવવાની કળા અમોને આપી તેમના સદ્‌ગુણો, સંસ્કાર, વ્યવહાર દક્ષતાને આશીર્વાદ અમોને માનવતાના રાહબર બન્યા. તેમની ભાવનાને સમર્પણ એ અમારૂં જીવન વૈકુંઠધામ શું બનાવયું.

સમસ્ત કુટુંબ આજે તેમના ચરણારવિંદમાં મસ્તક મૂકી પ્રાર્થના કરીએ છીએ. તેમની યાદ એ અમારી ભક્તિ અને સેવા છે.

"માતૃપિતૃ સેવા વંદના"

ભટ્ટ પરિવારના જયશ્રી કૃષ્ણ

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ

## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૪૫૦૦/-ના દાતા



| | | |
|---|---|---|
| Name | : | Sharadkumar Devprasad Dave |
| Date of Birth | : | 15/01/1948 |
| Birth Place | : | Anand, Gujarat |
| Expired on | : | 09.05.2015 |
| Son of | : | Devprasad Jayshakar Dave who retired as District Judge |
| Mother's Name | : | Vijyaben Devprasad Dave<br>Sharadbhai was the youngest sibling amongst 4 brothers and 1 sister |
| Full Profile | : | |

Did B.A. (Eco.) from M. S. University, Vadodara, LL.B. from Sir L. A. Shah Law College, Ahmedabad and D.L.P. from I. M. Nanavati Law College, Ahmedabad. During his college career took active part in N.C.C. and Mountaineering. Went on expedition at Trishul Mountains having a height of 23000 ft. His father late Shri Devprasad J. Dave was also in the Judiciary and retired in January, 1974 as District and Sessions Judge from district Valsad at Navsari. Enrolled as an Advocate with the Gujarat Bar Council in the month of June, 1973. Remained as the Vice President of the Ahmedabad Bar Association in the year 1989-90 till appointed as the City Civil and Additional Sessions Judge, Ahmedabad, on 11th June, 1990. During his tenure as a City Civil and Sessions Judge he conducted many Civil and Criminal cases, including CBI and ACB cases. He was thereafter elevated to the Bench of the High Court of Gujarat as Additional Judge on 30.3.2001 and confirmed as Permanent Judge on 10.3.2003 and he retired from service on 15/01/2010.

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૪૫૦૦/-ના દાતા



Name : Jyotiben Sharadkumar Dave

Born on : 25.07.1954

Sharadbhai married to jyotiben daughter of Rangeshwar Joshi and shakuntala Joshi at Varanasi in bajkhedavad family on 20.02.1979. Jyotiben hailed from a family in the business of Jems and stones in the name of R.V.Joshi and sons. Jyotiben was youngest sibling amongst two brothers and three sisters. She was having qualification of Masters in Arts from renowned Banaras Hindu University – BHU. After her marriage she shifted from Varanasi (Banaras) to Ahmedabad. She expired on 17.11.2016

From their marriage, they had children son Pranav who is married settled and professionally an Advocate at Gujarat High Court, Ahmedabad AND daughter saumya who is also married and professionally settled and working as Nutrition Consultant with UNICEF.

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૧૫૫૧/-ના દાતા



**સ્વ. ઠાકોરલાલ ત્રંબકલાલ ભટ્ટ**

**જન્મ તારીખ : ૧૨-૧૦-૧૯૨૨** **મ.તા. : ૨૬-૦૯-૨૦૧૬**

સ્વ શ્રી ઠાકોરપ્રસાદ ત્રંબકલાલ ભટ્ટનો જન્મ ઉમરેઠ ગામમાં થયેલો. ત્યારબાદ જીવનમાં કંઈક બનવાની ઈચ્છા સાથે તેઓ અમદાવાદ શહેરમાં આવ્યા. અમદાવાદ આવ્યા પછી વ્યવસાયમાં તેઓએ ખૂબ નામના મેળવી. ૬૭ વર્ષની ઉંમરે પત્ની મધુકાન્તાબેન ભટ્ટનો સાથ છૂટી ગયો. ત્યારબાદ ત્રણ પુત્ર અને બે પુત્રીને ખૂબ પ્રેમ આપી મોટા કર્યા.

૯૪ વર્ષ સુધી કુટુંબની જવાબદારી સ્વીકારી અને કુટુંબના તમામ બાળકોને તેમની પ્રેમભરી છત્રછાયામાં રાખ્યા.

"વરસી પડે છે આંખો અમારી,
જોઈ મીઠી તસ્વીર તમારી,
દરેક પ્રસંગે ખટકે છે ગેરહાજરી તમારી,
સદાય રહેજો સાથ અમારી."

હેતના જામ છલકાવી ચાલ્યા ગયા તમે,
તમને યાદ કરે તમારા બાલુડા,
"પ્રથમ પુણ્યતિથીએ તમારો હસમુખ ચહેરો યાદ રહેશે અમને,
વરસાવો આશિષ અમો પર સદાય દાદા તમે."

વણથંભ્યા સમયની પાંખે અવિરત સ્મરણના ઊંડાણમાં "ઠાકોરભાઈ" આપની વિદાયને આજે એક વર્ષ વીતી ગયું લાગે છે જાણે ગઈ કાલની જ વાત છે. સમયના વહેણ સાથે તમારી યાદો તીવ્ર બનતી જાય છે. તમારી સાથેના મીઠા સ્મરણો, હસતો ચહેરો, સૌમ્યતા, લાગણીશીલ સ્વભાવ, સરળતા, તમારા સાનિધ્યની સુવાસ મુકી ગયું છે.

"પ્રભુ તમારા દિવ્ય આત્માને મોક્ષ અર્પે તેવી અભ્યર્થના"

**મનોજકુમાર ટી. ભટ્ટ** **ફાલ્ગુની એમ. ભટ્ટ**

**જાનમ એમ. ભટ્ટ** **હિમાલી એમ. ભટ્ટ**

**(ઠાકોરપ્રસાદ ત્રંબકલાલ ભટ્ટ પરિવાર)**

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૧૫૫૧/-ના દાતા



**શ્રી શૈલેષભાઈ નટવરલાલ જોષી**

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ, ટ્રસ્ટીશ્રી

શ્રી બાજખેડાવાળ બ્રાહ્મણ સમાજ, અમદાવાદ, ટ્રસ્ટીશ્રી

તા. ૧૫-૦૯-૨૦૧૭ના રોજ

૫૯માં જન્મદિવસ

નિમિત્તે સંસ્થાને ભેટ આપેલ છે.

## શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લિ.-અમદાવાદ
## વિદ્યોતેજક ફંડ રૂ. ૧૧૧૧૧/-ના દાતા

॥ ૐ શ્રી રંગાવધૂતાય નમઃ ॥ ॥ ૐ શ્રી દત્ત ॥

### "માતૃપિતૃ વંદના"



**સ્વ. રતીલાલ ચુનીલાલ ભટ્ટ**
જન્મ તારીખ : ૦૩-૦૭-૧૯૨૨
મ.તા. ૩૦-૦૯-૧૯૯૭



**સ્વ. શારદાબેન રતીલાલ ભટ્ટ**
જન્મ તારીખ : ૧૮-૦૪-૧૯૩૦
મ.તા. ૨૬-૧૦-૨૦૦૧

દાહોદ

હસ્તે

જયેન્દ્રભાઈ ભટ્ટ

રવિન્દ્રભાઈ ભટ્ટ

નરેન્દ્રભાઈ ભટ્ટ

અશ્વીનભાઈ ભટ્ટ

ઈન્દીરાબેન દવે

જ્યોતિકાબેન દવે

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
# ૩૦માં રાષ્ટ્રીય અધિવેશનના અતિથિ વિશેષશ્રી



**શ્રી કમલેશ ભાનુપ્રસાદ શુકલ**

કમલેશ શુકલનો જન્મ ઉમરેઠ મુકામે ૧૬મી સપ્ટેમ્બર ૧૯૬૮ના રોજ થયેલ. તેઓ ભાનુપ્રસાદ હરિપ્રસાદ તથા કલાવતીબેન શુકલના ત્રીજા નંબરના પુત્ર છે. મોટાભાઈ રાજેશભાઈ કે જે Air force માંથી નિવૃત્ત થયેલ છે અને મોટીબેન બીના કે જે તેઓની સાથે રહે છે.

પિતાશ્રી અમદાવાદ મુકામે ચેતના રેસ્ટોરન્ટમાં ઉચ્ચ હોદ્દા ઉપર હતા અને માતાશ્રી કલાવતીબેન કે જે સરખેજ, અમદાવાદ મુકામે જીલ્લા પ્રાથમિક શાળામાંથી આચાર્ય તરીકે નિવૃત્ત થયેલ હતા. માતા-પિતા બંને સ્વર્ગે સિધાવી ગયા છે.

કમલેશભાઈનો ઉછેર ખૂબ જ ધાર્મિક વાતાવરણમાં થયેલ હતો. તેઓએ B.Com. LLB. સુધીનો અભ્યાસ કરીને Finance માં જોબ કરેલ તથા હાલમાં છેલ્લા ૬ વર્ષથી ગાંધીનગર મુકામે ઓટોમોબાઈલ ડીલરશીપનો ધંધો કરે છે. તેઓ હાલમાં અમદાવાદમાં પાલડી વિસ્તારમાં રહે છે.

કમલેશભાઈના લગ્ન સ્વ. મધુસુદન વ્યાસ અને ગૌરીબેનની પુત્રી ચિ. બીના સાથે થયેલ છે. તેઓ હાઉસવાઈફ છે. તેઓને બે દિકરીઓ ચિ. પ્રકૃતિ જે ૧૧માં ધોરણમાં તથા ચિ. ચૈતસી જે ૯માં ધોરણમાં અભ્યાસ કરે છે.

જય મહાદેવ

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
# ૩૦માં રાષ્ટ્રીય અધિવેશનના અતિથિ વિશેષશ્રી



**શ્રી યોગેશકુમાર બિહારીલાલ શેલત**

જન્મ વર્ષ : ૦૩-૧૨-૧૯૪૫

સ્વ. બિહારીલાલ મગનલાલ શેલત અને સ્વ. શાંતાબેન બિહારીલાલ શેલતના ઘરે જન્મ થયેલ. તેઓશ્રીનું મોસાળ વાઘનાથ ચકલે, ઉમરેઠ છે. મધ્યમ વર્ગનું કુટુંબ માતા-પિતાના આશીર્વાદથી બી.એ.ના અભ્યાસ સાથે સાથે અર્બુદા મિલમાં નોકરી મળેલ અને ૧૯૯૨માં સેવાનિવૃત્ત થયા.

સ્વ. રમણલાલ સોમેશ્વર દવે અને સ્વ. વિદ્યાબેન રમણલાલ દવેના દિકરી ગીતાબેન સાથે લગ્ન થયેલ. ગીતાબેને લગ્ન કરીને મ્યુ.કોર્પોરેશનમાં લાયબ્રેરીયન તરીકે નોકરી કરેલ. ૨૦૦૯માં સેવાનિવૃત્ત થયા. સુખી લગ્નજીવન દરમ્યાન તેમના પરિવારમાં ૩ દીકરીઓનો જન્મ થયેલ.

મોટી દીકરી ચિ. હેતલ (શુંભાગી)ના લગ્ન અજય ઠાકરની સાથે થયેલ તેમના પરિવારમાં ૨ દિકરા પૂર્વીશ અને પ્રસાદ સાથે લંડનમાં સુખી છે.

બીજી દીકરી ચિ. કિનાના લગ્ન શાર્દુલ પાઠક સાથે થયેલ તેમના પરિવારમાં એક દીકરો અમય સાથે સુખી છે.

ત્રીજી દીકરી ચિ. મીરાના લગ્ન નીરવભાઈ દવે સાથે લગ્ન થયેલ છે તેમના પરિવારમાં એક દિકરો ચિ. યજત સાથે સુખી છે. શ્રી નીરવભાઈ દવે ૩૦માં રાષ્ટ્રીય અધિવેશનના અધ્યક્ષ છે.

હાલમાં હું અને મારી પત્ની નિવૃત્ત અને શાંતિમય જીવન પસાર કરી રહ્યા છે.

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
# ૩૦માં રાષ્ટ્રીય અધિવેશનના અતિથિ વિશેષશ્રી



**શ્રી મીરાં નીરવ દવે**

મૂળ ઉમરેઠના શ્રી યોગેશ બિહારીલાલ શેલત તથા શ્રી ગીતાબેન યોગેશ શેલતના પુત્રી મીરાંએ અમદાવાદથી બી.કોમ.ની પદવી હાંસલ કરી છે. તેઓ સ્કૂલકાળથી ભણવામાં હોંશિયાર હતાં જ પરંતુ ઈત્તર પ્રવૃત્તિ-સાંસ્કૃતિક પ્રવૃતિમાં પણ નિપુણ હતાં. તેઓ સ્કૂલ-કોલેજ દરમિયાન અનેક સાંસ્કૃતિક કાર્યક્રમોમાં સક્રિય ભાગ લઈને શિક્ષક-અધ્યાપક તથા વિદ્યાર્થીઓમાં માન-સન્માન પ્રાપ્ત કરતા હતાં. તેઓ બાળકોમાં વિચારશક્તિ વધે, વાંચનભૂખ વધે, આપણી સંસ્કૃતિ જાણે તે માટે હરહંમેશ પ્રયાસ કરતા હોય છે અને જરૂરી માર્ગદર્શન પણ આપે છે.

તેઓના લગ્ન ઉમરેઠના વતની એવા શ્રી મહેન્દ્રભાઈ પ્રાણલાલ દવે તથા શ્રી ભારતીબેન એમ. દવેના પુત્ર શ્રી નીરવભાઈ સાથે થયાં અને લગ્ન પછી પણ તેઓની આ પ્રવૃતિ ચાલતી રહી છે. આ પ્રવૃતિમાં તેમને તેમના પતિ તથા સાસરા પક્ષ તરફથી પણ પૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો છે. તેઓના પતિશ્રી નીરવભાઈ એક સફળ યુવાન બિઝનેસમેન છે. તેઓ એરટેલ કંપનીની ડિસ્ટ્રીબ્યુટરશીપ ધરાવે છે અને સમાજના દરેક કાર્યક્રમમાં ઉત્સાહભેર સક્રિય ભાગ લઈને સમયોચિત યોગ્ય માર્ગદર્શન પણ આપે છે. શ્રી નીરવભાઈના માતા-પિતા પણ સક્રિય રીતે બાજખેડાવાળ સમાજની વિવિધ સામાજિક પ્રવૃતિઓ સાથે સંકળાઈને સેવાઓ આપી રહ્યા છે. સમાજની પડખે રહીને તન, મન અને ધનથી નિ:સ્વાર્થ ભાવે સેવાકીય પ્રવૃતિ સાથે સંકળાયેલ હોય તેવું એ એક અલભ્ય પરિવાર છે. મીરાંબેનનો પુત્ર યજત હાલમાં સાતમા ધોરણમાં અભ્યાસ કરી રહ્યા છે. આ સમગ્ર પરિવારનો સમાજ આભાર માને છે. શ્રી મીરાંબેન દવે શ્રી બાજખેડાવાળ સખી મંડળમાં કારોબારી સભ્ય તરીકે સેવાઓ આપે છે. શ્રી નીરવભાઈ દવે ૩૦માં રાષ્ટ્રીય અધિવેશનના અધ્યક્ષ છે.

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## ૩૦માં રાષ્ટ્રીય અધિવેશનના અતિથિ વિશેષશ્રી



**અ.સૌ. દર્શના સુનિલ ત્રિવેદી**

શ્રી મહેન્દ્રકુમાર પ્રાણલાલ દવે તથા અ.સૌ. ભારતીબેન મહેન્દ્રકુમાર દવેની સુપુત્રી ચિ. દર્શનાનો જન્મ ૦૫-૧૦-૧૯૭૧ના રોજ વડોદરા મુકામે થયેલ.

અભ્યાસ બી.કોમ. સુધી ગાંધીનગર ખાતે કરેલ. અભ્યાસ દરમ્યાન શાળા-કોલેજમાં રમત-ગમત તથા ઈત્તર પ્રવૃત્તિઓમાં ભાગ લીધેલ.

ડૉ. કનુભાઈ ત્રિવેદી તથા અ.સૌ. નીમાબેનના સુપુત્ર સુનિલકુમાર સાથે લગ્ન થતા શ્રી સુનિલકુમારનો વ્યવસાય અમદાવાદ ખાતે હોય અમદાવાદ ખાતે સ્થાયી થયેલ છે. પુત્રી ધ્વિજા એન્જીનીયરીંગ (ઈ.સી.)ના ૫માં સેમીસ્ટરમાં અભ્યાસ કરે છે.

અ.સૌ. દર્શનાબેનના પિતૃપક્ષનું કુટુંબ જ્ઞાતિસમાજ સાથે સંકળાયેલ છે. પિતાશ્રી મહેન્દ્ર દવે શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળમાં ટ્રસ્ટી છે. શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી.ના પ્રમુખ છે. શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના કારોબારી સભ્ય છે. અગાઉ ગાંધીનગર બાજખેડાવાળ મંડળના પ્રમુખ તરીકે સેવાઓ આપી હતી. માતૃશ્રી ભારતીબેન દવે શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદમાં ટ્રસ્ટી તરીકે સેવાઓ આપે છે. ભાભી અ.સૌ. મીરાબેન બાજખેડાવાળ સખી મંડળમાં કારોબારી સભ્ય છે. ભાઈ ચિ. નીરવ આજના ૩૦માં રાષ્ટ્રીય અધિવેશનના અધ્યક્ષ છે.

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
# ૩૦માં રાષ્ટ્રીય અધિવેશનના અતિથિ વિશેષશ્રી



**શ્રી રાગીણી કેતન ભટ્ટ**
મૂળ વતન – ઉમરેઠ

શ્રી અરૂણકુમાર પ્રાણલાલ દવે તથા અ.સૌ. હેમલતાબેન અરૂણકુમાર દવે, અમદાવાદના સુપુત્રી અ.સૌ. રાગીણીબેનનો જન્મ તા. ૨૬-૦૬-૧૯૬૯ના રોજ અમદાવાદ ખાતે થયેલ.

અભ્યાસ બી.એસ.સી., એલ.એલ.બી. પી.જી.ડી.સી. સુધી કરેલ છે. લગ્ન સ્વ. ઘનશ્યામભાઈ ભટ્ટના સુપુત્ર શ્રી કેતનભાઈ સાથે થયેલ અને અમદાવાદ ખાતે સ્થાયી થયેલ છે. શ્રી કેતનભાઈ પ્રોડકશન મેનેજર તરીકે ફરજ બજાવે છે. પુત્ર જાબાલી એન્જીનીયરીંગના ત્રીજા સેમીસ્ટરમાં અભ્યાસ કરે છે.

રાગીણીબેન શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ સંચાલિત સખી મંડળમાં તથા શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદમાં કારોબારી સભ્ય તરીકે સેવાઓ આપે છે.

રાગીણીબેનના પિતાશ્રી અરૂણભાઈ દવે જ્ઞાતિના જુદા જુદા મંડળો સાથે સંકળાયેલ છે. શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા તથા શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી.માં ટ્રેઝરર તરીકે સેવાઓ આપે છે. તેઓએ શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળમાં પણ ટ્રસ્ટી તરીકે સેવાઓ આપેલ છે.

## શ્રી મુંબઈ બાજખેડાવાળ સમાજ

૨, શ્રી નિકેતન સોસાયટી, સંન્યાસ આશ્રમ, વિલે પાર્લે (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૬

શ્રી ભોલેનાથ તથા માતાજીની અસીમ કૃપાથી દર વર્ષની જેમ શ્રી મુંબઈ બાજખેડાવાળ સમાજ, મુંબઈ એ આ વર્ષે (વર્ષ ૨૦૧૭-૧૮)માં પણ વિવિધ સેવાઓ આપવાનું નક્કી કર્યું છે. જેની અરજીઓ તા. ૩૦-૦૧-૨૦૧૭ પહેલા મુંબઈ ઓફિસ મોકલી આપવા વિનંતી છે.

આ કાર્યને પ્રોત્સાહિત કરનાર સમાજના અગ્રણીઓ અને દાતાશ્રીઓનો અમો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

દાન આપનાર દાતાશ્રીઓના નામ નિમ્ન પ્રકારે છે. (૧) શ્રીમાન આનંદશંકર પંડ્યા (બાપુજી) રૂ. ૬૦૦૦૦/- (૨) શ્રીમાન ગોવિંદશંકર પંડ્યા (કાકાજી) રૂ. ૯૯૦૦૦/- (૩) શ્રીમાન પ્રવિણભાઈ અને અક્ષર શંકર પંડ્યા રૂ. ૬૦૦૦૦/- (૪) શ્રીમાન સુધિરભાઈ શેલત સાહેબ રૂ. ૫૦૦૦/- (૫) શ્રીમતી કૃષ્ણાબેન શેલત (સુધીરભાઈના માતૃશ્રી) રૂ. ૫૦૦૦/-

વિવિધ સહાયો જેમકે (૧) વિધવા સહાય (૨) વરિષ્ઠ નાગરિક સહાય (૩) ગંભીર તબીબી સહાય (૪) જે તે શહેર-ગામના મંડળશ્રીઓ તરફથી ભલામણનો પત્ર (૫) બેંક ખાતા સંખ્યા સાથે તેઓના ચેકની ઝેરોક્ષ (૬) પતિના મૃત્યુ થયાનો દાખલો (૭) કોલેજમાં એડમીશન લીધાની ફી રસીદ (વિદ્યાર્થીઓને જુનિયર કોલેજ અને ઉચ્ચ ભણતર માટે જ અરજીઓ મંગાવી છે. (૮) જે અરજીદારોએ જુના પૈસા મલ્યાની રસીદ મોકલી હશે તેઓને જ આ સહાય માટે સ્વીકારવામાં આવશે, તેની ખાસ નોંધ લેવા વિનંતી છે. (૯) તબીબી સહાય માટે ડૉક્ટરનું સર્ટીફિકેટ હોવું જરૂરી છે.

**વિરેન્દ્ર બી. ભટ્ટ**
**ઉપપ્રમુખ**

**મહેન્દ્રભાઈ સી. ભટ્ટ**
**પ્રમુખ**

## શ્રી મોરડ બાજખેડાવાળ બ્રહ્મ સમાજ

શ્રી નિલકંઠેશ્વર મહાદેવ, મુ.પો. મોરડ, તા. પેટલાદ, જી. આણંદ-૩૮૮૧૩૦

શ્રી નિલકંઠેશ્વર મહાદેવમાં બહાર રહેતા અને ગામમાં રહેતા જ્ઞાતિજનો સર્વે મોરડ વતની વડીલો-યુવાનો અને કુટુંબીજનો શ્રાવણી અમાસે એકઠા થયેલ હતા. અમાસને સવારથી જ મોરડ નગરીમાં જાણે કે સોનેરી દિવસ લાગતો હતો જગતના તાત એવા શ્રી શંકરદાદાને એવા શણગારેલ કે જે તેમના પ્રેમથી દર્શન કરે તે દરેકને સ્માઈલ સાથે આશિર્વાદ આપતા.

દર વર્ષની જેમ હવનનું આયોજન મોરડ વતની વિદ્યાનગર-અમેરિકા રહેતા એવા શ્રી ભોલેભક્ત શ્રી પ્રો. કે. એમ. ત્રિવેદી (પૂ. કાન્તિકાકા) તરફથી કરવામાં આવેલ હતું. જેમાં જનોઈધારી યુવાનો અને નવયુગલોએ બેસીને લાભ લીધો હતો. શ્રી શાસ્ત્રીજીએ વૈદિક વિધિ દ્વારા હવન કરાવી સંપૂર્ણ વાતાવરણ શ્રી શિવમય બનાવેલ હતું. સાંજે સાત વાગ્યે આ વિધિપૂર્ણ થયા બાદ શ્રી ભોલેની ડબલ આરતીથી જ્ઞાતિજનો દ્વારા પ્રાર્થના કરવામાં આવી હતી. ત્યારબાદ મહાશિવપ્રસાદનું આયોજન મોરડ વતની અમેરીકા સ્થાયી થયેલ એવા શિવભક્તશ્રી ચંદ્રકાન્તભાઈ દવે તરફથી રાખવામાં આવેલ હતું. આમ મોરડ જ્ઞાતિજનોએ ભરપૂર ભક્તિનો લ્હાવો અને મનપસંદ ભોજનનો સ્વાદ સંતોષપૂર્વક આનંદથી માન્યો હતો.

દર શ્રાવણી સોમવારે શ્રી ભોલેને (૧) ગં.સ્વ. પ્રેમલત્તાબેન ત્રિવેદી (અમેરિકા) (૨) ગં.સ્વ. સુશીલાબેન શુકલ (૩) પ્રો. કે. એમ. ત્રિવેદી (અમેરિકા) તરફથી થાળ કરવામાં આવતો હતો.

આમ આ શ્રી જટ્ટધારીની શુભ ઉજવણી કરી જ્ઞાતિબંધુ આનંદ અને સ્નેહની લાગણી સાથે અને જય મહાદેવના નારા સાથે પ્રેમથી છૂટા પડ્યા હતા.

**ચંદ્રકાન્તભાઈ ત્રિવેદી** — **પ્રમુખ**

**પ્રકાશભાઈ ત્રિવેદી** — **ઉપપ્રમુખ**

## શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ - આણંદ

શ્ર બાજખેડાવાળ અતિથિ ગૃહ , આઝાદ મેદાન, આણંદ-૩૮૦૦૦૧ ફોન - ૦૨૬૯૨-૨૪૪૨૧૨

સવિનય વિનંતી સાથે જણાવવાનું કે તા. ૨૬-૦૮-૨૦૧૭ને શનિવારના રોજ બાજખેડાવાળ અતિથિ ગૃહ ખાતે કેવડાત્રીજ, ઋષિ પંચમી તથા અગિયારસના વ્રત ઉદ્યાપન વિધિનું આયોજન ગુરૂદેવ શ્રી જગદીશભાઈના સુમધુર કંઠે ગવાયેલ શ્લોકો, મંત્રોચ્ચાર તથા કથાવાર્તા સાથે સંપન્ન કરવામાં આવી. આ વિધિમાં વિદ્યાનગર, નડિયાદ, આણંદથી મોટી સંખ્યામાં બહેનોએ ભાગ લીધો હતો. તેમણે ખૂબ જ આનંદ તથા સંતોષની લાગણી અનુભવી હતી.

આ ઉદ્યાપન વિધિમાં સ્મીતાબેન પંડ્યા તરફથી દૂધ, કેળા તથા ચ્હાની વ્યવસ્થા કરવામાં આવી હતી. ધર્મિષ્ઠાબેન, કોકીલાબેન તથા રાગીણીબેન તરફથી ફરાળ, પેંડા અને ડીશ પૂજામાં બેસનારને આપવામાં આવી હતી. બપોરે વિરામના સમયમાં કારોબારીની બેનો તથા વ્રત ઉજવવામાં બેઠેલ બહેનોએ પરમાત્માના ભજનોની રમઝટ બોલાવી ખૂબ જ મોજ, મજા અને આનંદ માણ્યો હતો.

સાંજના ૪.૦૦ કલાકે વ્રતની પૂર્ણાહૂતિ બાદ આરતી કરી પ્રસાદની વહેંચણી કરવામાં આવી હતી. આમ બાજખેડાવાળ મહિલા મંડળની તમામ કારોબારી બહેનોના સાથ સહકારથી આ કાર્યક્રમ સરસ રીતે સંપૂર્ણ થયો.

આ વ્રત ઉદ્યાપન વિધિમાં બેસનાર બેનોએ યથાશક્તિ ગુરૂદેવને દાન દક્ષિણા તથા મહિલા મંડળને માયાબેન કે. દવે તરફથી રૂ. ૫૦૧/-, જ્ઞાતિની અન્ય બહેનો દાન દક્ષિણા તથા પ્રસાદ પેટે રૂ. ૮૫૪ પ્રાપ્ત થયેલ છે.

બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારા યોજવામાં આવેલ ભજન સ્પર્ધામાં બાજખેડાવાળ મહિલા મંડળનો ચોથો નંબર આવ્યો હતો. સંસ્કાર મંડળ, ગાયત્રી ભજન મંડળ વગેરેમાં આ મંડળને આશ્વાસન ઈનામ પ્રાપ્ત થયેલ છે. આ ભજન મંડળોમાં બાજખેડાવાળ મહિલા મંડળની અગિયાર બહેનોએ હૃદયપૂર્વક પ્રેમથી ભાગ લઈ આનંદની લ્હાણી કરાવી હતી. જેમાં મીનાબેન શેલત, સુમિત્રાબેન ઠાકર, ગીતાબેન શુકલ, પાયલબેન દવે, સેજલબેન મહેતા, ધનુબેન ધ્યાની, રીટાબેન ઢગટ, માયાબેન દવે, રેખાબેન શેલત તથા જ્યોત્સનાબેન દવે, બિંદુબેન ભાગ લઈ મંડળનું નામ રોશન કર્યું હતું. આમ ઉદ્યાપન વિધિ તથા ભજન સ્પર્ધા ખૂબ જ સંપૂર્ણ સાથ-સહકારથી પ્રેમ, ઉલ્લાસ, આનંદ સહિત પરિપૂર્ણ કરવામાં આવી હતી. સર્વેનો ખૂબ ખૂબ આભાર, સ્વીકાર

**મીનાબેન શેલત** — **પ્રમુખ**

**સુમિત્રાબેન ઠાકર** — **મંત્રી**

## શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ

શ્રી પ્રાણશંકરભાઈ હોલ, પ્રાણકુંજ સોસાયટી, ભૈરવનાથ રોડ, અમદાવાદ. ફોન – ૨૫૪૩૨૦૪૦

### નવા હોદ્દેદારો તેમજ કો.ઓપ્ટ–આંતરિક ઓડિટરની નિમણૂંક

તા. ૦૫–૦૮–૨૦૧૭ના રોજ શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ અમદાવાદની વર્ષ ૨૦૧૭–૧૮ની કારોબારી સભ્યોની પ્રથમ મિટિંગ મળી હતી. જેમાં નીચે મુજબના હોદ્દેદારોની નિમણૂંક સર્વાનુમતે કરવામાં આવી છે તથા કો.ઓપ્ટ તેમજ આંતરિક ઓડિટરની નિમણૂંક થવા પામી છે.

પ્રમુખ – ભરત ભટ્ટ, ઉપપ્રમુખ – મહેન્દ્ર પંડ્યા, મંત્રી – ડૉ. વિમલ પંડ્યા, મંત્રી – રાકેશ (તરલ) ભટ્ટ, ખજાનચી – ગિરીશ દવે

કો ઓપ્ટ. ઉદય એચ. ભટ્ટ, હિમાંશુ બી. દવે, રાજેશ બી. ત્રિવેદી, આંતરિક ઓડિટર – કમલેશ જે. ભટ્ટ

### ૧૮૪ લાભાર્થી યુવક–યુવતીઓ માટેની મંડળ દ્વારા યોજાઈ મેરેજ કોન્ફરન્સ

શ્રી પ્રાણશંકરભાઈ હોલ ખાતે તા. ૨૭ ઓગષ્ટ ૨૦૧૭ના રવિવારે સવારથી જ જ્ઞાતિજનો – મેરેજ કોન્ફરન્સના સામાજિક મેળામાં ભાગ લેવા ઉમટી પડ્યા હતા. કુલ ૫૭ યુવતીઓ, ૧૨૭ યુવકો અને ૧૮૪ જ્ઞાતિ પરિવારના વડીલ વાલીજનો માટે એક મંચ પર ‘લગ્નવિષયક’ નિર્ણય પ્રક્રિયાને સાકાર (ફેસીલીટેશનના હેતુથી) કરવાની તક પુરી પાડવા માટે મંડળ દ્વારા મેરેજ કોન્ફરસનું આયોજન કરવામાં આવ્યું હતું. અમદાવાદ ઉપરાંત નડિયાદ, આણંદ, સોજીત્રા, વડોદરા, શહેરમાંથી તથા મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશમાં વસતા આપણા જ્ઞાતિપરિવારો તેમજ કેનેડા અને અમેરિકાના યુવક–યુવતીઓએ પણ આ કોન્ફરન્સમાં ભાગ લીધો હતો.

મેરેજ કોન્ફરન્સની શરૂઆત માટે યુવક–યુવતીઓને ઉંમર મુજબ બે ગ્રુપમાં વિભાજીત કરવામાં આવ્યા. જીવનસાથીની પસંદગીની કૌશલ્યલક્ષી, મનૌવૈજ્ઞાનિક અને મનોરંજક રમતોની પ્રવૃત્તિઓ જેવી કે ઊભી ખો, સંગીત ખુરશી, અંતાક્ષરી, પ્રશ્નોતરી અને નિરીક્ષણશક્તિ વિગેરે યોજાઈ.

ભાગ લેનાર સૌ યુવક–યુવતીને નવતર પ્રયોગમાં યુવક–યુવતીઓના ફોટા સાથેની તમામ વિગતોની માહિતી ધરાવતી એક મોબાઈલ એપ્સ નિઃશુલ્ક આપવામાં આવી હતી.

આ બધુ નવું હતું છતાં સાથે સાથે બપોરની બીજી બેઠકમાં વાલીઓએ, ક્રોસ એન્ટ્રીવાળા યુવક–યુવતી અને પરિવારોનો સંપર્ક–સંવાદ અને પરિચયનો પણ પૂરતો સમય મળ્યો. જે સૌને માટે સર્વાંગી સંતોષકારક કાર્યક્રમ બની રહ્યો.

### ઈનામ વિતરણ

તા. ૨–૧૦–૨૦૧૭ના રોજ શ્રી પ્રાણશંકરભાઈ હોલમાં દર વર્ષની જેમ જુનિયર કે.જી. થી લઈને પી.એચ.ડી. સુધીનો ઉચ્ચ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને સન્માનવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. સંસ્થાને ૧૭૦ જેટલા વિવિધ પ્રાપ્ત થયેલ ટ્રસ્ટ ફંડમાંથી શૈક્ષણિક ટ્રસ્ટ ફંડની કુલ રકમના વ્યાજમાંથી રોકડ રકમ તેમજ સંસ્થા પોતે રોકડ રકમ વિદ્યાર્થીઓને આપતી હોય છે. આ દિવસે હાજર રહેનાર વિદ્યાર્થીઓને રકમ આપવામાં આવશે. બીજા દિવસે કે પછી

આવનાર વિદ્યાર્થીઓના ઈનામની રકમ ટ્રસ્ટ ફંડમાં પરત લઈ લેવામાં આવતી હોય છે. વિદ્યાર્થીઓએ જ્યારે ફોર્મ ભર્યું હશે ત્યારે જે સ્લીપ આપવામાં આવી છે તે સ્લીપ લઈને આવવું જરૂરી છે.

**સ્નેહમિલન સમારંભ**

દર વર્ષની જેમ મંડળ તરફથી સ્નેહમિલન સમારંભનું આયોજન કરવામાં આવેલ છે. તા. ૨૯-૧૦-૨૦૧૭ના રવિવારના રોજ સ્નેહમિલનનું આયોજન કરવામાં આવેલ છે. વહેલા તે પહેલાના ધોરણે પોતપોતાના પાસ મેળવી લેવાના રહેશે. જો ઉપરોક્ત તારીખમાં ફેરફાર હશે તો પત્રિકા મારફત જણાવવામાં આવશે.

**સભાસદ જ્ઞાતિજનો માટે ખાસ સમાચાર**

કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ફી સહાયના ફોર્મ બહાર પડી ગયેલ છે. જે વિદ્યાર્થીઓને ફોર્મ ભરવાના બાકી હોય તેઓએ વહેલી તકે સંસ્થાના કાર્યાલયમાંથી ફોર્મ મેળવી લેવા કોલેજના ફી સહાયના ફોર્મ પરત કરવાની છેલ્લા તારીખ ૩૦-૧૧-૧૭ છે. ત્યારબાદ કોઈના ફોર્મ લેવામાં આવશે નહીં જેની સૌએ નોંધ લેવી. આ યોજના અમદાવાદ સ્થિત આજીવન સભ્યોના બાળકો - વિદ્યાર્થીઓ પૂરતી મર્યાદિત છે.

**અન્નપૂર્ણા સહાય યોજના**

રૂ. ૧૦૦૧/- દુષ્યંતભાઈ જયેન્દ્રભાઈ પંડ્યા, રૂ. ૧૩૦૧/- સ્વ. સતીષચંદ્ર મોહનલાલ દવેના સ્મરણાર્થે હસ્તેશ્રી વૈશાલીબેન રમીરભાઈ દવે તરફથી, રૂ. ૧૫૦૧/- ગં.સ્વ. મંજુલાબેન હરિહરભાઈ દવે તરફથી, રૂ. ૧૦૦૧/- સ્વ. લતાબેન પંડ્યાના સ્મર્ણાર્થે હસ્તેશ્રી પ્રિયાંક દેવેશભાઈ દવે તરફથી

**વિધવા - ત્યક્તા આવક-જાવક**

રૂ. ૨૦૦૦/- શ્રી વિનોદભાઈ દવે તરફથી

**મેરેજ કોન્ફરન્સ આવક-જાવક**

રૂ. ૫૦૦૧/- સ્વ. ગજાનંદભાઈ દેવશંકર પંડ્યાના સ્મરણાર્થે શ્રી પ્રકાશભાઈ જી. પંડ્યા તરફથી, રૂ. ૫૦૦૧/- શ્રી સેજલબેન મિલનકુમાર શુક્લ તથા શ્રી પ્રકાશભાઈ બી. શુક્લ તથા શ્રી મિલનભાઈ બી. શુક્લ તરફથી

**નવરાત્રિ આવક-જાવક**

રૂ. ૫૦૦૧/- શ્રી સમીરભાઈ એસ. દવે તરફથી, રૂ. ૫૦૦/- શ્રી હિતેષભાઈ એચ. પંડ્યા તરફથી, રૂ. ૫૦૦/- સ્વ. અસ્મિતાબેન પી. પંડ્યાના સ્મર્ણાર્થે હસ્તેશ્રી પ્રકાશભાઈ જી. પંડ્યા તરફથી, રૂ. ૫૦૦/- શ્રી મનોજભાઈ ઠાકોરપ્રસાદ ભટ્ટ તરફથી, રૂ. ૫૦૦/- દાદાશ્રી જયંતિલાલ રતિલાલ ભટ્ટના સ્મર્ણાર્થે હસ્તે શ્રી નિરજભાઈ કમલેશભાઈ ભટ્ટ તરફથી

**શ્રી ભરતભાઈ આર. ભટ્ટ** — **પ્રમુખશ્રી**

**શ્રી ડૉ. વિમલ પંડ્યા/શ્રી રાકેશ (તરલ) ભટ્ટ** — **મંત્રીશ્રી**

## શ્રી બાજખેડાવાળ સખી મંડળ

શ્રી પ્રાણશંકરભાઈ હોલ, પ્રાણકુંજ સોસાયટી, ભૈરવનાથ રોડ, અમદાવાદ. ફોન - ૨૫૪૩૨૦૪૦

**સામા-પાંચમ-કેવડાત્રીજ**

જ્ઞાતિની મહિલાઓ કેટલીક વિશિષ્ટ તિથી પર્વના નિયમો અને સંકલ્પો કરે છે. જે સંકલ્પ સિદ્ધિની ઉજવણી માટેના તિથી પર્વો છે. ઘણીવાર વ્યક્તિગત આ પર્વની ઉજવણીમાં અનાયાસે વિલંબ થાય છે જેને સરળ બનાવવા માટે દર વર્ષે સમુહ તિથિ પર્વની ઉજવણીના કાર્યક્રમો યોજાય છે. જેને બહેનો અને પરિવારજનોએ ખૂબ આવકાર્યા છે. એટલું જ નહીં તેની પ્રતિક્ષા થઈ રહી છે. શ્રી બાજખેડાવાળ સખી મંડળ, અમદાવાદ દ્વારા તા. ૨૬ ઓગષ્ટ ૨૦૧૭ને રવિવારના રોજ શ્રી પ્રાણશંકરભાઈ હોલ, કાંકરિયા,અમદાવાદ મુકામે સામાપાંચમ-કેવડાત્રીજની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ૩૧ જ્ઞાતિ બહેનોએ ભાગ લીધો હતો.

